<u>અરજદાર/આરોપી માનવેન્દ્રસીંઘ વાઘેલાની અરજી નીચે હુકમ</u>

(૧) હાલની અરજી અરજદાર/આરોપી તરફે આરોપીએ નામદાર હાઈકોર્ટના જામીન ઉપર મુકત કરતી વખતે મુકેલ શરતો પૈકી શરત નં. સી. તથા ડી. માં ફેરફાર કરવા માટે આપેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે અરજદાર/આરોપી તા. ૧૬/૨/૨૦૧૫ થી મેસર્સ ફલેમીંગો ટ્રાન્સવર્લ્ડ પ્રા.લી. માં કામગીરી કરે છે. અને તેમનું મુખ્ય કામ ટ્રાવેલ કન્સલટન્ટનું છે. પરંતુ તાજેતરમાં તેઓને ટ્રાવેલ કન્સલટન્ટમાંથી ટુર મેનેજર તરીકે મુકેલ હોઈ જુદા જુદા દેશોમાં ટુર મેનેજર તરીકે કામગીરી કરવા વિદેશમાં જવું પડતું હોય છે અને તે સંજોગોમાં પાસપોર્ટની વારંવાર જરુર પડે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે અરજદાર વિરુધ્ધ દાખલ થયેલ ગુનાના કામે તેઓને અગાઉની નોકરીમાંથી છુટા થવું પડેલ છે અને ઉપરોકત નવી નોકરી લાગી છે. જેથી જો તેઓને પાસપોર્ટ ના આપવામા આવે તો સદરહું નોકરીમાંથી પણ છુટા થઈ જાય એવી પરિસ્થિતિ છે અને તેમ થવાથી અરજદાર/આરોપીના કુંટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે અરજદાર/આરોપીને ૬ માસ માટે પાસપોર્ટ આપવામાં આવે તો પણ તે તેમની કામગીરી કરી શકે. અને ત્યારબાદ પરત કરવાની બાંહેધરી આપે છે. આ હકીકતને ધ્યાનમાં લઈ તેઓને ૬ માસ માટે તેમનો પાસપોર્ટ પરત કરવા રજુઆત કરેલ છે.

(૨) ફરીયાદપક્ષે શ્રી એસ.કે. ગુપ્તા હાજર થઈ આંક–૫ થી સોગંદનામું રજુ કરેલ છે અને રજુઆત કરેલ છે કે આરોપી સોનાની દાણચોરીના ગુનામા સંડોવાયેલ છે. વધુમાં અરજદાર/આરોપીએ ઓથોરીટી એજન્સીએ પેનલ્ટી કરેલ છે તે પણ ભરેલ નથી. અને જે અપીલ કરેલ છે તે હાલ નિર્ણિત થવા ઉપર

બાકી છે. વધુમાં તેઓએ રજુઆત કરેલ છે કે હાલના અરજદાર/આરોપીએ અગાઉ પાસપોર્ટ પરત મેળવવા માટે ક્રિ.પ.અ.નં. ૧૧૪/૨૦૧૫ ની કરેલી જે અત્રેની અદાલતે ના મંજુર કરેલી. જે હુકમ વિરુધ્ધ અરજદારે ક્રિ.રી.અ.નં. ૨૭૩/૨૦૧૫ ની મે. સીટી સેસન્સ કોર્ટમાં કરેલી. જે તા. ૬/૪/૨૦૧૬ ના રોજ ડીસ્પોઝ થયેલ છે. વધુમાં આરોપી વિરૂધ્ધ ફરિયાદ પણ દાખલ થયેલ છે, જેનો ક્રિ.કેસ નંબરઃ ૧૩૯/૨૦૧૫ છે અને તેમાં પણ આરોપીની હાજરીની જરૂર છે, તે સંજોગોમાં અરજી રદ થવા પાત્ર છે, આ સંજાગોમાં અરજદાર/આરોપીની હાલની અરજી ચાલવાપાત્ર ના હોઈ રદ કરવા જણાવેલ છે.

(૩) બંનેપક્ષની રજુઆતો સાંભળી. રજુ થયેલ દસ્તાવેજી આધાર વંચાણે લીધા. સદરહું કામના અ રજદાર/આરોપીને ડી.આર.આઈ. /એ.ઝેડ.યુ./આઈએનવી/૧૪/૧૩ ના કામે કસ્ટમ એકટના ગુના સબબ ધરપકડ કરેલી અને તેઓએ નામદાર કોર્ટમા ક્રિ.મી.એપ્લીકેશન નં. ૧૩૫૩૨/૧૩ જામીન મેળવવા માટે કરેલી. જે નામદાર હાઈકોર્ટે તા. ૧૭/૯/૨૦૧૩ ના રોજ મંજુર કરેલી અને તેમા જામીન મુકતન કરતી વખતે શરતો લાદેલ. જે પૈકી શરત નં.–સી– મુજબ અરજદાર/આરોપીએ જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની કોર્ટમાં જમા કરાવવો અને શરત નં.–ડી– અરજદાર/આરોપીએ આ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહિ. જે બંને શરતોમાં ફેરફાર કરવા હાલની અરજી કરવામા આવેલ છે. ઉપરોકત શરતો નામદાર હાઈકોર્ટે મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમના હુકમમાં જણાવેલ છે કે સંબંધીત કોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટે મુકેલ શરતમાં ફેરફાર કરી શકશે, ડીલીટ કરી શકશે. તે મુજબ અત્રેની અદાલત નામદાર હાઈકોર્ટે મુકેલ શરતમા ફેરફાર કરી શકે છે એવું જણાવેલ છે. સદરહું કામે હાલના અરજદાર/આરોપીએ અગાઉ પણ પાસપોર્ટ પરત લેવા માટે

ક્રિ.પ.અ.નં. ૧૧૪/૨૦૧૫ ની અત્રેની અદાલતમાં  કરેલી જે અરજી અત્રેની અદાલતે નામંજુર કરેલી અને તે હુકમ સામે અરજદાર/આરોપીએ નામદાર સેસન્સ કોર્ટમા ક્રિ.રી.એપ્લી.નં. ૨૭૩/૨૦૧૫ ની કરેલી. જે ડીસ્પોઝ થઈ ગયેલ છે, ત્યારબાદ અરજદાર/આરોપીએ અત્રેની અદાલતમાં  ક્રિ.પ.અરજી નંબર:૨૧૯/૧૬ ની કરેલી, જે પણ નામંજૂર કરવામા આવેલ.

(૪)  પ્રસ્તુત  રેકર્ડ જોતાં એ હકીકત જણાય છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ ફરિયાદ દાખલ થયેલ છે, જેનો ક્રિમિનલ કેસ નંબરઃ ૨૦૦૧૩૯/૨૦૧૫, નો પડેલ, એટલે કે, હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રોસિકયુશન થઈ ગયેલ છે. વધુમાં  સદર કામના અરજદાર/આરોપીએ કસ્ટમ્સ સર્વિસ એપેલેટ ટ્રીબ્યુનલમાં અપીલ કરેલ તેમાં પણ તેમના વિરૂધ્ધ રૂ.૧,૦૦,૦૦૦/– સુધીની પેનલ્ટી ભરવાનો હુકમ થયેલ અને તેઓએ ડિપાર્ટમેન્ટમાં કુલ રૂ.૧,૨૫,૦૦૦/–  જેટલી રકમ જમા કરાવેલ છે એટલ કે, પેનલ્ટી અંગેની જે કાંઈ રકમ  કસ્ટમ્સ ટ્રીબ્યુનલે ફરમાવેલ છે તે રકમ ડિપાર્ટમેન્ટમાં જમા થયેલ છે અને તે અંગેના દસ્તાવેજી પુરાવા પણ અરજી સાથે રજૂ થયેલ છે. આ અગાઉ જયારે આ પ્રકારની અરજી કરવામા આવેલી તે સમયે આરોપીએ પેનલ્ટીની રકમ બાબતે જે કંઈ હુકમ થયેલ તેવી કોઈ હકીકત જણવેલ નથી અને પેનલ્ટીનો હુકમ તારીખઃ ૨૮/૦૭/૧૭ ના રોજ થયેલ છે, જેથી તે હકીકત આ અરજીના નિર્ણય કરવા માટે જરૂરી છે અને હાલની અરજી માટે એ નવું કારણ ગણી શકાય. વધુમાં અરજદાર તરફે અરજીની હકીકત સંબંધે દસ્તાવેજી પુરાવા પણ રજૂ થયેલ છે, જે ધ્યાને લેતાં આરોપી ટૂર કન્સલ્ટીંગની નોકરી કરતા હોવાની હકીકત જણાઈ આવે છે તેમજ પેનલ્ટીની રકમ જમા કરાવ્યાની હકીકત પણ જણાઈ આવે છે. આ તમામ હકીકત ધ્યાને લેતાં હાલની અરજી અંશતઃ ગ્રાહય રાખવાપાત્ર જણાતી હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**હુ ક મ**

અરજદારની અરજી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

અરજદાર/આરોપી– માનવેન્દ્રસીંઘ વાધેલાને હુકમની તારીખથી ૬ માસ માટે વિદેશ જવાની પરવાનગી તથા પાસપોર્ટ નીચેની શરતોએ આપવાનો હુકમ કરવામા આવે છે.

**શ ર તોઃ–**

(૧) અરજદારે પોતાની હાજરી માટે રુ. ૨,૦૦,૦૦૦/–(બે લાખ પુરા) ડીપોઝીટ તરીકે રોકડા કોર્ટમાં જમા કરાવવા.

(૨) અરજદારે રૂ. ૨,૦૦,૦૦૦/– ના જામીન તથા એટલી જ રકમના જાતમુચરકા કોર્ટમા રજુ કરવા વિકલ્પે તેમના અગાઉના જામીનદારને કોર્ટમાં હાજર રાખી તેઓ અરજદારના આ સમય માટે જામીન તરીકે રહેવા ખુશી છે તેવી પુરસીસ અપાવવી.

(૩) અરજદાર વિદેશ પ્રવાસ દરમ્યાન જયાં રહેવાના હોય ત્યાંનું પુરેપુરુ સરનામું, ફોન નંબર સહીતની વિગતો સાથેનું સોગંદનામું નામદાર કોર્ટમાં રજુ કરવું તથા તેની એક નકલ ડીપાર્ટમેન્ટમાં આપવી.

(૪) અરજદારે અરજીમાં જણાવ્યા સિવાયના બીજા કોઈપણ દેશમાં જવા માટે પાસપોર્ટનો ઉપયોગ કરવો નહિ અને જો બીજા દેશમા જવા માટે પાસપોર્ટનો ઉપયોગ કરવામાં આવશે તો પાસપોર્ટના હુકમમાં ડીપોઝીટ કરાવેલ રકમ સરકાર જમા કરવાનો હુકમ કરવામાં આવશે.

(૫) ઉપરોકત સમય દરમ્યાન અરજદારને ડીપાર્ટમેન્ટમાં હાજરી પુરાવવામાંથી મુકતી આપવામાં આવે છે અને ભારત દેશની હદ છોડવાની પરવાનગી આપવામાં આવે છે

(૬) ઉપરોકત સમય દરમ્યાન માં આરોપીએ માંદગી સહીતના અન્ય કોઈપણ કારણસર એક્ષટેન્શન ની માંગણી કરવી નહિ.અને સમય મર્યાદા પૂર્ણ થયેથી ભારતમાં આવી પોતાનો પાસપોર્ટ <u>દિન–૭</u> માં કોર્ટમાં જમા કરાવવો.

(૭) અરજદાર/આરોપીએ વિદેશ પ્રવાસ દરમ્યાન કોઈપણ ગુન્હાહીત કૃત્ય કરવું નહિ.

(૮) આ સમય દરમ્યાન જો કોઈ સમન્સ કે નોટીસ જો તેઓને બજાવવાની થાય તો તેમના વકીલ શ્રી તે સમન્સ કે નોટીસ લેશે અને તે તેમને બજેલ છે તે મતલબની પુરસીસ પણ તેઓએ અદાલતમાં પાસપોર્ટ લેતાં પહેલાં રજુ કરવી.

(૯) કોર્ટમાં ચાલતા ક્રિ. કેસ નંબર:૨૦૦૧૩૯/૨૦૧૫ ની કાર્યવાહી ચલાવવા સહકાર આપવો.

આ સિવાયની જામીન અરજીમાં કરેલ અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે અને આરોપીએ તેનું ચુસ્તપણે પાલન કરવું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૮/૦૧/૨૦૧૮.
અમદાવાદ

( કિર્તી જયંતીલાલ દરજી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ
(GJ-00461)